ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૪૪.૨ ડીગ્રી
લઘુતમ : ૨૯.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૨૫ ટકા

# સ્ટેશનરીના ભાવમાં ૧૫ ટકાનો વધારો

## શાળાઓ શરૂ થાય તે પહેલાના છેલ્લા દિવસે પુસ્તકો, નોટબુક, ગણવેશ અને અન્ય સ્ટેશનરી ખરીદવા બજારોમાં ભારે ભીડ



ગાંધીનગર, તા.૧૯

શાળાનું નવું સત્ર શરુ થવા જઈ રહ્યું છે ત્યારે માર્કેટમાં સ્ટેશનરીની ખરીદી જોરશોરથી થઈ રહી છે. પાઠય પુસ્તક, ફૂલસ્કેપ ચોપડા, સ્કુલબેગ, પેન્સિલ, પેન, કંપાસ બોકસ, લંચ બોકસ વગેરેનો સ્ટોક હાલ બજારમાં જોવા મળી રહ્યો છે. ગત વર્ષ કરતા હાલના વર્ષે ફૂલસ્કેપ ચોપડામાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો થયો છે. બાકીની વસ્તુઓના ભાવમાં દર વર્ષની જેમ ૫ થી ૧૦ રૂપિયાનો સામાન્ય વધારો થયો છે.

શહેરના બાળકો નવા સત્રમાં શાળાએ જવાની તૈયારી કરી રહ્યા છે વાલીઓ અને બાળકો હાલ સ્ટેશનરીની દુકાનોમાં જઈ સ્કુલ બેગથી લઈ દરેક શાળાનો લગતી ચીજવસ્તુઓની ખરીદી કરતા જોવા મળી રહ્યા છે. શહેરમાં સ્કુલબેગ રૂ. ૫૦૦થી લઈ રૂ. ૧૨૦૦ સુધીમાં વેચાઈ રહી છે. કંપાસબોકસ રૂ. ૨૫ થી શરુ થઈને ૨૫૦ સુધીમાં મળી રહ્યા છે. જેમાં પ્લાસ્ટિક અને મેગ્નેટીક કંપાસ બોકસ ચલણમાં છે. ૨૫થી ૧૨૫ રૂપિયામાં પ્લાસ્ટિક અને તેનાથી વધુ ખર્ચના મેગ્નેટીક ફેન્સી કંપાસબોકસ હાલ બજારમાં છે. લંચબોકસનો ભાવ ૭૦ થી ૨૦૦ રૂપિયા વચ્ચેનો છે. જેમાં એરટાઈટ લંચબોકસ વધુ ચલણમાં છે. અપ્સરા, નટરાજ જેવી પેન્સિલના ભાવમાં કોઈ વધારો ઘટાડો નથી એક પેન્સિલ બોકસ ૪૦ થી ૭૦ રૂપિયા સુધીમાં વેચાઈ રહ્યું છે. ફૂલસ્કેપ ચોપડા રૂ. ૧૮૦ થી ૭૦૦ રૂપિયા સુધીમાં વેચાઈ રહ્યા છે. જેમાં નવનીત રેગ્યુલર ૬૦૦ રૂપિયા ડઝનના ભાવમાં હાલ માર્કેટમાં છે. પહેલા નોટબુક વપરાતી તેના સ્થાને લગભગ હવે જમ્બોસાઈઝ નોટબુક ચલણમાં છે જે ૩૬૦ રૂપિયા ડઝનના ભાવે મળી રહી છે. પૂંઠા જેમાં ટ્રાન્સપરન્ટ અને બ્રાઉન પેપર જેના એક રોલનો ભાવ ૫૦ થી ૭૦ રૂપિયા વચ્ચેનો છે. નોટબુક પરના સ્કીટક ૫ રૂપિયાના ૧૬ એમ મળી રહ્યા છે અને બાઈન્ડીંગનો ભાવ સાઈઝ મુજબ એક પુસ્તકે ૧૦, ૧૨ કે ૧૫ રૂપિયા ચાલી રહ્યો છે. પાઠયપુસ્તકનો ભાવ ભાવોભાવ જ લેવાઈ રહ્યો છે.



આકરી ગરમીએ ત્રાહીમામ પોકારાવી દીધું છે. વળી તેમાં બફારો ઉમેરાતા દિવસ પસાર કરવો મુશ્કેલ બન્યો છે. પશુપંખીઓ પણ ગરમીથી ત્રાસી ગયા છે. તસવીરમાં ગરમીથી ત્રસ્ત બનેલું કૂતરુ ગરમીથી રાહત મેળવવાના પ્રયાસમાં જોવા મળી રહ્યું છે.

## સેકટર-૨૪માંથી ક્રેટા ગાડીમાં વિદેશી દારૂ સાથે શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેકટર-૨૪માંથી ક્રેટા ગાડીમાં વિદેશી દારૂ સાથે એક ઈસમની પોલીસે અટકાયત કરી છે. પોલીસે ૫૪ નંગ દારૂ કિં.રૂ.૨૭,૦૦૦ મોબાઈલ ફોન નંગ-૨ કિ.રૂ.૧૦૦૦ તેમજ ક્રેટા ગાડી કિં.૧૦,૦૦,૦૦૦ મળી કુલ કિં.રૂ.૧૦,૨૮,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાત રાજયના ડીજીપી ના આદેશથી હાલના સમયે રાજયભરમાં દારુ-જુગારની ડ્રાઈવ ચાલી રહી છે. ત્યારે ગાંધીનગર જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ સેકટર-૨૧ પીઆઈ એમ.આર.પુવારની સુચના મુજબ ગતરોજ સર્વેલન્સ સ્કવોડના અ.હે.કો.મગનસિંહ ભીમસિંહ, રવિકુમાર બાબુસિંહ, હેં.કો. ચેતનકુમાર બળવંતભાઈ, નરેન્દ્રસિંહ ભુપતસિંહ, પંજક માનાભાઈ, કમલેશ લલ્લુભાઈ સરકારી વાહનમાં પોલીસ મથકના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પો.કો. નરેન્દ્રસિંહ ભુપતસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે ખ-૫ સર્કલથી ગ-૫ સર્કલ તરફ જતા સેકટર-૨૪ સરકારી પોલીટેકનીકના સ્ટાફ કવાર્ટસ પાછળના રોડ ઉપર એક શખ્સ ખાનગી કારમાં દારુની બોટલ સાથે ઉભો છે. જેથી પોલીસે તે સ્થળ પર જઈ તપાસ કરતા ક્રેટા ગાડી સાથે રાકેશ કનુભાઈ નાથબાવા ઉં.વ.-૨૨ રહે. ગામ-કોલવડા, ચામુંડાપુરા હુડકો તા.જી.ગાંધીનગરને વિદેશી દારુની ૫૪ નંગ બોટલ, ક્રેટા ગાડી, મોબાઈલ મળી કુલ રૂ. ૧૦,૨૮,૦૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સિવિલ કેમ્પસમાં સુલભ શૌચાલયની બહાર પીવાના પાણીનું કનેકશન બંધ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં નાગરીકો માટે ઠેરઠેર સુલભ શૌચાલયની વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવી છે. જયારે શૌચાલયની બહાર કેટલાક સ્થળોએ માત્ર નાગરીકોને પીવાનું ઠંડુ પાણી મળી રહે તેવી વ્યવસ્થા પણ તંત્ર દ્વારા કરવામાં આવી છે. શહેરમાં કેટલાક સ્થળે સુલભની બહાર પીવાનું પાણીના કનેકશન બંધ હાલતમાં છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી સિવિલ કેમ્પસમાં સુલભ શૌચાલયની બહાર પીવાનું ઠંડુ પાણી નાગરીકોને નસીબ થતુ નથી. વોટર કુલર બંધ રહેતા આ સમસ્યા સર્જાઈ છે પરંતુ તેનો નિવેડો ક્યારે આવે છે તેની રાહ નગરજનો જોઈ રહ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. તાવથી માંડીને ડાયાલિસીસ સુધીની સારવાર થતા દર્દીઓની સંખ્યામાં રોજ બરોજ વધારો થતો જાય છે. સિવિલમાં ફીટ કરાયેલા વોટર કુલરો માત્ર ગણ્યાગાંઠ્યા ચાલુ છે. જેથી દર્દીઓ અને મુલાકાતીઓને પાણી માટે દુર સુધી લાબા થવુ પડે છે. હાલ વોટર એટીએમને પગલે સામાન્ય રૂપીયામાં સરળતાથી નાગરીકોને પીવા માટે ઠંડુ પાણી મળી રહે છે. પરંતુ તંત્ર દ્વારા કેમ્પસમાં દર્દીઓ અને તેના સગા સ્નેહીજનોને સ્નાન કરવા માટે સુલભ શૌચાલય ઉભુ કરાયું છે. સુલભ શૌચાલયની બહાર નાગરીકોને પીવા માટે ઠંડુ પાણી મળી રહે તે માટે વોટર કુલર ફીટ કરાયું હતું. જેમાં સિવિલ કેમ્પસનો પણ સમાવેશ થાય છે. નાગરીકો પીવા માટે ઠંડુ પાણી લેવા માટે આવે છે પણ પાણી ના આવતા ધક્કો ખાઈ પરત ફરે છે. ત્યારે સિવિલમાં આવતા દર્દીઓ અને મુલાકાતીઓની લાગણી અને માંગણી છે કે સિવિલ કેમ્પસમાં આવેલા સુલભ શૌચાલયની બહાર મુકવામાં આવેલ વોટર કુલર તાત્કાલીક અસરથી ફરીવાર કાર્યરત થાય.

## ફાયરના અધિકારીઓને વધારાની કામગીરી ન આપવા મનપા-નગરપાલિકા તંત્રને સ્ટેટ ફાયર નિયામકનો આદેશ

ગાંધીનગર, તા.૯

સુરતની દુર્ઘટના બાદ તમામ તંત્ર સફાળા જાગ્યા છે અને કામગીરીમાં જોતરાઈ ગયા છે. જયારે ફાયર એનઓસી લેવા માટે પણ અરજીઓ આવી રહી છે. તો બીજીતરફ સ્થળ તપાસ અને ચેકીંગ કર્યા બાદ ફાયર એનઓસી આપવાની કામગીરી પણ પુરજોશમાં ચાલી રહી છે. પરંતુ ફાયરના અધિકારી-કર્મચારીઓનો ફાયરની જ કામગીરી કરવાની હોય છે. પરંતુ કેટલીક મહાનગર પાલિકા તેમજ નગરપાલિકામાં ફાયર સેવાના અધિકારીઓનો દબાણ, પ્લાસ્ટીક, ઢોર પકડ પાર્ટી, સોલીડ વેસ્ટ સહિતની કામગીરી સોંપવામાં આવે છે. જેથી અધિકારીઓ ફાયરની કામગીરીમાં પુરતુ ધ્યાન આપી શકતા નથી તે વાત ગુજરાત સ્ટેટ ફાયર નિયામક એમ.એફ.દસ્તુરના ધ્યાને આવતા તેઓએ રાજયની તમામ મહાનગર પાલિકાના મ્યુનિસિપલ કમિશનર અને મ્યુનિસિપલ કોર્પોરેશના ચીફ ઓફિસરને પત્ર લખી વધારાની કામગીરી આપી હોય તો તાત્કાલીક અસરથી રદ કરી તેઓને આ કામગીરીમાંથી મુકત કરી ફાયર સેફટીની કડક કામગીરી કરવા સુચના આપવા જણાવ્યું છે.

રાજયની વિવિધ મહાનગર પાલિકા અને નગરપાલિકામાં ફાયર સેવામાં ફરજ બજાવતા કર્મચારીઓને અગત્યની ફાયર સેવા ઉપરાંત અન્ય કામગીરી સોંપવામાં આવે છે. જેને પગલે ફાયર સેવાના અધિકારી કર્મચારીઓ અન્ય સેવામાં જોતરાયેલા હોવાથી તેઓની ફાયર સેવાની કામગીરી યોગ્ય રીતે કરી શકતા નથી. મનપા અને નગરપાલિકામાં ફાયરના કર્મચારીઓને દબાણ, પ્લાસ્ટીક, સોલીડ વેસ્ટ, ઢોર પકડ પાર્ટી, સહિત મીકેનીલક કામગીરીમાં પરોવાઈ દેવામાં આવે છે. જેથી ફાયરની કામગીરીમાં યોગ્ય ધ્યાન આપી શકતા નથી. જેથી સુરતની ઘટના બાદ ફાયરની સેફટીની તમામ જવાબદારી જે તે અધિકારીએ નિભાવવાની હોવાથી મનપા અને નગરપાલિકા તંત્રને કામગીરી આપેલી હોય તો તાત્કાલીક અસરથી રદ કરવી અને અન્ય કામગીરીમાંથી મુકત કરી ફાયર સેફટીમાં સઘન ધ્યાન આપવા રાજયના ફાયર નિયામક એમ.એફ.દસ્તુર દ્વારા જણાવવામાં આવ્યું છે.

## ‘એક શામ શહીદો કે નામ’ લોકડાયરો યોજાયો



ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના સેકટર-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે જાણીતા રેડિયો-ટીવી કલાકાર દ્વારા જમ્મુ-કાશમીરમાં પુલવામાં ખાતે થયેલા આતંકી હુમલામાં શહીદ થયેલા વીર જવાનોને શ્રધ્ધાંજલિ આપવા ‘એક શામ શહીદો કે નામ’ લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી યોજવામાં આવેલ આ લોકડાયરામાં શહેરના જાણીતા કરાઓ કે આર્ટિસ્ટ ગાયકોએ દેશભકિતના ફિલ્મી ગીતો પ્રસ્તુત કર્યા હતા. આ સાથે સુરેશ રત્નોત્તર, ચિમનલાલ રત્નોત્તર, ગાયત્રી સોની, કલ્પના પંડયા સહિત કલાકારોએ લોક સંગીતની જમાવટ કરી હતી. કાર્યક્રમનું સંચાલન જાણીતા કવિ શૈલેશ પંડયા ‘ભીનાશ’ દ્વારા રસપ્રદ રીતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનના મુખ્ય ઈજનેર પી.કે. જોષી, હિંમતનગરના નાયબ કલેકટર એમ.આર. પરમાર, નાયબ ખેતી નિયામક વી.બી. જાદવ તથા સમાજ કલ્યાણ અધિકારી ડી.કે. ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

# ‘શિક્ષણ’ સાથે સ્કૂલ ડ્રેસ અને સ્ટેશનરી પણ સ્કૂલમાંથી જ ખરીદવા પડશે!!

## સંતાનોને સારું શિક્ષણ અપાવવાની લ્હાયમાં ‘નિશ્ચિત’ સ્કૂલમાં પ્રવેશ મેળવવા દોડતા વાલીઓને શાળા સંચાલકોના સ્કૂલ ડ્રેસ-સ્ટેશનરી વગેરે વેપારના પણ ફરજિયાત ગ્રાહક બનવું પડે છે : ફી નિયમનની જેમ આ સ્થિતિ સામે સરકાર કોઈ ચોકકસ નીતિ ઘડશે ખરી??




ગાંધીનગર, તા.૯

છેલ્લા ત્રણ ચાર વર્ષથી ઉનાળુ વેકેશન પછી જયારે શાળાનું નવું સત્ર શરૂ થવાનું હોય તે ગાળામાં સોશિયલ મિડીયા પર અચૂક દેખા દે છે જેમાં કર્મચારી માહિતી આપે છે કે તમારે બાળકનો ગણવેશ, બુટ-મોજા, સ્વેટર, ટાઈ, બેઝ, પુસ્તકો-નોટબુકો વગેરે બધુ અહીં સ્કૂલમાંથી જ ખરીદવું પડશે. આ સાંભળી પેલા મા-બાપ પુછે છે કે ‘અને શિક્ષણ?’ ત્યારે શાળા કર્મચારી જવાબ આપે છે કે ‘એના માટે તમે બહાર ટયુશન રખાવી લે જો.’ આ એક કડવું સત્ય છે, જો કે આ કાર્ટૂન થોડું જૂનું છે. હવે તો શાળાઓ પુસ્તકો, ગણવેશ સહિતની તમામ એકસેસરીઝ ઉપરાંત ‘ટયુશન’ આપવાનો ‘ધંધો’ પણ જાતે જ કરી લેવા લાગી છે. પોતાના વ્હાલસોયા સંતાનોને સતત વધતી જતી હરિફાઈના યુગમાં ટકી શકે તે માટે પેટે પાટા બાંધીને પણ મોંઘીદાટ ફી ભરીને પ્રતિષ્ઠિત સ્કૂલમાં પ્રવેશ અપાવવા જતા મા-બાપોને તેમની આ મજબુરીના કારણે શાળા સંચાલકો દ્વારા ચલાવાતા ‘શિક્ષણ’ને સંલગ્ન આ ‘પેરા-બીઝનેસ’નો ભોગ બનવું પડે છે અને જેને મૂળ શિક્ષણ સાથે કોઈ લેવા દેવા નથી પરંતુ શાળાની આગવી ઓળખના ઓથા તળે ચાલતા ‘બ્રાન્ડિંગ’ના ચક્રવ્યુહમાં પીસાવું પડી રહ્યું છે.

ફરી એકવાર શાળાઓમાં નવા સત્રો પ્રારંભ થઈ રહ્યો છે અને અત્યારે મોટાભાગના શાળા સંચાલકો પ્રવેશ પ્રક્રિયામાં વ્યસ્ત છે જયારે વાલીઓ પોતાના સંતાનને નિશ્ચિત સ્કૂલમાં પ્રવેશ અપાવવા માટે નોકરી ધંધા-વ્યવસાયમાં રજાઓ મુકીને શાળા-સંકુલોમાં ચકકર કાપી રહ્યા છે. ખોટે ખોટા ઉભા કરાયેલા ‘વેઈટીંગ લિસ્ટ’માંથી ‘કન્ફર્મ’માં તબદીલ કરાવવા ડોનેશન કે ઓળખાણ અથવા વીઆઈપી રેફરન્સ માટે ઘાંઘાં થઈ રહ્યા છે. આ વાલીઓનો જેવું બાળકનું એડમિશન કન્ફર્મ થાય કે તુરંત જ શાળા સંચાલકો દ્વારા એક લાંબુ લચ્ચક લિસ્ટ થમાવી દેવામાં આવે છે જેમાં બાળકોનો નિયત ગણવેશ, તેને અનરુપ બુટ-મોજા, બેલ્ટ, સ્વેટર, છત્રી, બેઝ, સ્કુલબેગ વગેરે ઉપરાંત નિયત પાઠય પુસ્તકો સિવાયના ‘ખાસ’ પ્રકાશનના શૈક્ષણિક પુસ્તકો, નોટબુક-લોંગબુક વગેરે કેટલા જથ્થામાં ખરીદવું અને કયાંથી ખરીદવું તે દર્શાવેલું હોય છે. શાળા સંચાલકો દ્વારા નક્કી કરવામાં આવેલા પુસ્તકો પાછા કેટલાક ‘નિશ્ચિત’ બુક સ્ટોર્સ પર જ મળતા હોય છે તેજ રીતે સ્કુલ ડ્રેસ તથા બુટ મોજાં વગેરે માટે પણ ‘દુકાનો’ નિશ્ચિત હોય છે તેથી તેમના ‘ફિકસ’ કરાયેલા ભાવે જ ખરીદી કરવા વાલીઓ મજબૂર બને છે. હવે તો નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે જેમાં જે રીતે હોસ્પિટલમાં તેમની પોતાની જ દવાની દુકાન હોય તેમ શાળા સંકુલમાં જ સ્ટેશનરી અને ગણવેશ સહિતની તમામ સામગ્રીની દુકાન હોય છે જે શાળાની પોતાની જ હોય છે અને તેમાં જે ભાવ તેમણે નક્કી કર્યા હોય તે ચુકવ્યા વગર વાલીઓને કોઈ છુટકો હોતો નથી. હવે તો કેટલીક સ્કૂલો સપ્તાહના અમુક દિવસના સ્કૂલ ડ્રેસ અલગ રાખે છે અને સાથે સ્પોર્ટસ વેરની પણ ફેશન શરુ થઈ ગઈ છે.

જે વાલીઓ પોતાના બાળકોને સરકારી શાળાની સ્થિતિના કારણે તેમાં ભણાવવા નથી ઈચ્છતા એટલે ખાનગી શાળામાં પ્રવેશ લેવા જાય છે જેમાં મોટે ભાગે મધ્યમવર્ગના વાલીઓનો સમાવેશ થાય છે જેમને આ કારણે ઘણું ‘ખેંચાવા’ મજબૂર બનવું પડે છે. કેટલીકવાર એવું પણ બને છે કે વાલીઓ પોતાની રીતે કોમન કહી શકાય તેવા નોટબુક ચોપડાં પોતાને સસ્તુ પડતું હોય તેવી કોઈ દુકાનેથી ખરીદે ત્યારે બાકી રહેલા પુસ્તકો પેલી શાળાની ‘દુકાને’ લેવા જાય ત્યારે ‘અહીંથી એકલા પુસ્તકો નહી મળે, તમારે આખો સેટ જ લેવો પડશે’ તેવો જવાબ મળે અને નાછુટકે વાલીએ ત્યાંથી બધું જ ખરીદવું પડે છે. જે શાળામાં આવી પોતાની ‘દુકાન’ ન હોય તેવા શાળા સંચાલકો કોઈ પણ એક-બે સ્ટેશનરી કે સ્કૂલ ડ્રેસના વેપારી સાથે સાંઠગાંઠ કરી લેતા હોય છે તેથી જયારે વાલીઓ પ્રવેશ પ્રક્રિયા માટે આવે ત્યારે જ તેમને પેલી દુકાનોના વિઝીટીગ કાર્ડ થમાવી દેવામાં આવે છે અને કડક સૂચના આપી દેવામાં આવે છે કે ત્યાંથી જ ખરીદી કરવી. શાળામાં વિદ્યાર્થીઓ વિવિધ પરિવારમાંથી આવતા હોય તેમાં ગરીબ તવંગર કે ઊંચ નીચનો ભેદ ના રહે તે માટે ગણવેશ એક આવકારદાયક સીસ્ટમ છે અને એક સમય હતો જયારે શાળા સંચાલકો દ્વારા માત્ર ગણવેશમાં શર્ટ પેન્ટ ના માત્ર કલર્સ કહી દેવામાં આવતા હતા. આ સ્થિતિમાં સ્વાભાવિક રીતે વાલીઓ અલગ અલગ દુકાનેથી ખરીદી કરતા હોય એટલે કલરના શેડમાં થોડો ઘણો તફાવત રહેતો પરંતુ આ બાબતને આગળ કરી શાળા સંચાલકોએ પહેલા નિયત દુકાનેથી ખરીદી શરુ કરાવી અને હવે તેમાં પણ મલાઈ દેખાતા પોતાની જ દુકાનો ખોલીને બેસી ગયા છે જેમાં ગુણવત્તાના નામે મનફાવે તેવા દામ પણ વસુલી રહ્યા છે.



રાજયમાં સરકારી શાળાઓમાં કથળેલા શિક્ષણને સુધારવા વિદ્યાર્થીઓ ઉપરાંત શિક્ષકોની પણ ઓનલાઈન એટેન્ડન્સ, સ્કુલ મોનિટરીંગ એપ્લિકેશન સાથે કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરનો આજે પ્રારંભ કરાયો છે જે સરકારી શાળાઓમાં શિક્ષણનું સ્તર કેટલું ઊંચે લાવશે તે તો આવનારો સમય જ કહેશે પરંતુ જયાં શિક્ષણનું સ્તર ઉચું હોય હોવાના દાવાઓ સાથે ‘મજબૂર’ વાલીઓના ખિસ્સા ખંખેરવામાં આવે છે તે ખાનગી શાળાઓના સ્કૂલ ડ્રેસ અને સ્ટેશનરીના શિક્ષણ સંલગ્ન વેપલાને નિયંત્રિત કરતી કોઈ ચોકકસ નીતિ સરકાર દ્વારા ઘડવામાં આવે તેવું વાલીઓ જરુરી ઈચ્છી રહ્યા છે. વળી, જો નીતિ ઘડાય તો તે તાજેતરમાં ઘડાયેલી ‘ફી નિયમન’ નીતિની જેમ ‘આશ્વાસન’ માત્ર બનીને ના રહી જાય તે પણ અપેક્ષિત રહેશે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com